# મોડાસામાં જગતના નાથ જગના દર્શને નિકળ્યા

## જગન્નાથજી ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી : નગરજનોની ભારે ભીડ : ઠેર-ઠેર અગ્રણીઓએ રથયાત્રાનુ સ્વાગત કર્યું : વેશભુષા અને ટેબ્લોએ આકર્ષણ જમાવ્યુ : અખાડાના કરતબોથી નગરજનો દંગ બન્યા

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે ભગવાન જગન્નાથ




યાત્રાની ભવ્યતીભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ૩૫મી રથયાત્રા મોડાસા શહેરના માર્ગો પર દબદબાભેર નીકળી હતી. ભગવાન બાલકતદાસજીના નિજ મંદિરેથી નીકળેલી રથયાત્રામાં ભજન મંડળીઓ, બેન્ડવાજા, ઢોલી, પાંચ રાજ્યના લોક સાંસ્કૃતિક નૃત્યો સાથે તેમજ વિવિધ સમાજને ઉપદેશ આપતા ટેબ્લોએ આગવુ આકર્ષણ જમાવ્યુ હતુ. નિજ મંદિરેથી નિયત સમયે નીકળેલી રથયાત્રામાં આશરે ૨.૫ કિલોમીટર સુધી લાંબી રથયાત્રામાં અરવલ્લી જિલ્લાના ભક્તજનો અને અગ્રણીઓ જોડાયા હતા. મુસ્લીમ સમાજના બિરાદરોએ ચાર રસ્તા પહોંચેલી શોભાયાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ ત્યારે કોમી-એકતાના દર્શન થયા હતા. ઉપસ્થીત હજ્જારો શ્રદ્ધાળુઓ જગન્નાથના નાદ સાથે જયકારો બોલાવતા ઝુમતા નજરે પડતા હતા. જિલ્લાના ડીવાયએસપી કે.એફ. બડોલીયા, પીઆઈ રબારી અને સીપીઆઈ બેન્કર અને રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેષ જોષી અને સદસ્ય સમીતીના મેમ્બરોએ રથયાત્રાનુ પ્રસ્થાન કરાવ્યુ હતુ.

મોડાસા શહેરમાં રથયાત્રા ઉત્સવ સમિતિ મોડાસા અને શ્રદ્ધાળુઓ દ્વારા ૩૫મી રથયાત્રામાં ભગવાન જગન્નાથને રથમાં



બેસાડીને શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. મોડાસા શહેરની શેરીએ શેરીએ જગતના નાથ જગના દર્શનાર્થે શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને મોડાસા શહેરના રથયાત્રા માર્ગ પર ભાવિ ભક્તોએ રથયાત્રામાં જોડાયેલા ભક્તજનો માટે લિંબુ-સરબત, ચા-પાણી, પાણીના પાઉચ, ગુલ્કોઝ બીસ્કીટની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### અમી છાંટણા ન થતા ભગવાન કોરા રહી ગયા

આજે અષાઢી બીજે જગતના નાથ ભગવાન જગન્નાથજી સ્વયં નગરચર્યાએ નીકળ્યા હતા. તેમ છતાં વરસાદ દેવ ઈન્દ્રનુ ધરતી પર આગમન ન થતા ભગવાનને પણ કોરૂ કોરૂ જ રહેવુ પડ્યુ હતુ. મોડાસા રથયાત્રામાં અસહ્ય બાફ અને ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ હોવા છતાં ધોમધખતા તાપમાં પરસેવાથી રેબઝેબ થયા હોય છતા ઉલ્લાસભેર રથયાત્રામાં જોડાયા હતા અને મોડાસા શહેરના માર્ગો 'જય રણછોડ માખણચોર'ના જય ઘોષથી ગુંજી ઉઠ્યા હતા.

મોડાસા શહેરમાં ઉમટી પડેલા શહેરીજનો અને અરવલ્લી જિલ્લાના પ્રજાજનોએ ભગવાન જગન્નાથના દર્શન કરી 'જય રણછોડ માખણચોર'ના નાદ વચ્ચે મગ, જાંબુનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

મોડાસા શહેરના ચાર રસ્તા નજીક રથયાત્રા પહોંચી ત્યારે મોડાસા શહેરમાં ભક્તિમય માહોલ અને જય જગન્નાથના નાદથી ગુંજી ઉઠ્યુ હતુ. મોડાસાના મુસ્લીમ બિરાદરોએ રથયાત્રા સમિતિ અને સમિતિના પ્રમુખ નિલેષભાઈ જોષીનુ સ્વાગત કર્યુ હતુ. રથયાત્રા સમિતિ દ્વારા મુસ્લીમ સમાજના બિરાદરોને આવકાર્યા હતા તેમજ ચાર રસ્તા મોડાસા નજીક વિવિધ




સામાજિક સંસ્થાઓને આવકારી પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ સમારોહમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસીંહ ડાભી, મોડાસાના મેયર વનીતાબેન પટેલ, સૈનિક સ્કૂલના સંવાહક, ગાયત્રી વિદ્યાપીઠના પ્રમુખ, તેમજ મોડાસા શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુસ્લીમ સમાજના અગ્રણીઓ ઈકબાલ ઈપ્રોલીયા, અજ્બર ચીસ્તી, જાકીરભાઈ, રાજુ કાઠીયાવાડી, સફરાજ ટીંટોઈઆ, આરીફ મેઘરજી, બેલીમ સહિતના શાંતિ સમિતિના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા ઉત્સવ સમિતિના પ્રમુખ નિલેષભાઈ જોષી, ભરત ભાવસાર, નાન્હાલાલ પ્રજાપતિ, દિલિપ ભાવસાર, અતુલ ભાવસાર, ભગીરથ કુમાવત, મુકેશ ભાવસાર, વાડીલાલ ભાવસાર, જય અમીન, સુરેશ ભાવસાર દ્વારા રથયાત્રામાં દર્શનાર્થે ઉમટેલા ભક્તજનો અને રથયાત્રામાં જોડાયેલા લોકોનો આભાર માન્યો હતો.

### રથયાત્રાની આસપાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- ઘ-૨ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રથયાત્રાનું સ્વાગત ડો. કૌશિક શાહ, શૈલેન્દ્રસિંહ બિહોલા,તેજાભાઈ દેસાઈ, રાકેશ જાની, પાયલબેન મેણાત દ્વારા કરવામાં આવ્યું હતું.
- શહેરના સે-૧૯માં ખાતે કેન્દ્રીય રાજય કૃષિ મંત્રી પુરુષોતમ રૂપાલાએ રથયાત્રાનું સ્વાગત કરીને દર્શનનો લાભ લીધો હતો.
- સે- ૨-૭ ની ચોકડી પાસે મનપાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ ઉપરાંત પ્રવિણાબેન વોરા અને નરેશભાઈ પરમાર દ્વારા સ્વાગત કરાયું હતું.
- સે-૭માં ન્યું રાધે મોટર ડ્રાઈવીંગ સ્કુલ અને સુમન પટેલ અને સંદિપ પટેલ, જયેશ પટેલ દ્વારા છાશનું વિતરણ કરાયું હતું.
- સે-૮માં રથયાત્રા પ્રવેશતા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, સ્મિતાબેન જહાએ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે-૮માં શોંપિંગના વેપારીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.
- રાજયના ડી.જી.પી. ગીથા જોહરીએ પોલીસ ભવન સામે રથયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું.
- લક્ષ્મી પાવર લોન્ડ્રી દ્વારા સચિવાલય પાછળની બાજુએ છાશ, પાણી અને પ્રસાદનું વિતરણ કરાયું હતું.
- સેકટર-૨૦ અક્ષરધામ પાસે રથયાત્રાનું ભવ્ય સ્વાગત સ્વામીજી અને ભકતો દ્વારા કરાયું હતું.
- ક્ષત્રિય ઠાકોર સેના અને ઓબીસી, એસસી,એસટી એકતા મંચના પ્રમુખ અલ્પેશ ઠાકોર ગાંધીનગરની રથયાત્રામાં ૧૫ મીનીટ ફરીને લ્હાવો લીધો હતો.
- સે-૩૦ ખાતે વેપારીઓ અને વસાહતીઓ દ્વારા સ્વાગત અને છાશનું વિતરણ કરાયું હતું.
- સેક્ટર-૨૯ જલારામ ધામ ખાતે વિસામાના સમય દરમિયાન અશ્વોએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. ડી.જે.ના તાલે ડાન્સ કરતા અશ્વોને નિહાળવા મોટી સંખ્યામાં ભક્તો એકઠા થયા હતા અને ફોટોગ્રાફી તેમજ વિડિયોગ્રાફી કરતા નજરે પડ્યા હતા.
- જલારામ ધામથી બપોરે ૩.૦૦ કલાકે રથયાત્રા નિયત રુટ પર નીકળી હતી.
- સેક્ટર-૨૯ મહાકાળી મંદિર ખાતે રથયાત્રામાં જોડાયેલ ભક્તો માટે શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે. ૨૮ એકતા મિત્ર મંડળ દ્વારા ભક્તોને પ્રસાદ, પાણી અને કેન્ડીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ભાજપ કોર્પોરેટર હર્ષાબા ધાધંલ હાજર રહ્યા હતા.
- સેકટર-૨૮ શોંપિગ સેન્ટર તેમજ દત્ત મંદિર ખાતે વસાહતીઓ દ્વારા સ્વાગત માટે ભારે ભીડ જામી હતી.
- કોલવડાનગર સે-૨૮ ચીપટાઈપ શોપીંગ સેન્ટર મિત્ર મંડળ દ્વારા શરબત,પાણીના પાઉચ અને પ્રસાદનું વિતરણ કરાયું હતું.
- વરીયા પ્રજાપતિ સમાજ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયું હતું. જ્યારે ભક્તો માટે લીબું શરબતનું વિતરણ કરાયું હતું.
- સે. ૨૭, એસ.આર.પી.ના સભ્યો દ્વારા છાશનું વિતરણ તેમજ એસઆરપી પોલીસ બેન્ડ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- ડી.એસ.પી. કચેરી ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસીંગ યાદવે રથયાત્રાનું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે પોલીસ ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ભગવાન જગન્નાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.
- સે. ૨૭ બાલમુકુંદ સેવા સમિતિ દ્વારા ૩૦૦૦ કપ ચા નું વિતરણ કરાયું.
- સે-૨૪ માં કોગ્રેસના કોર્પોરેટર અંકિત બારોટ સહિત કોંગ્રેસ અગ્રણીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સે-૨૪ કોલવડા રોડ વેપારી મિત્ર મંડળ દ્વારા પાણી તેમજ ૧૫૧ કિલો મહાપ્રસાદનું રથયાત્રામાં છેલ્લા ત્રણ વર્ષથી વિતરણ કરવામાં આવે છે.
- સે. ૨૪ આદર્શનગર શોંપીગ સેન્ટર તરફથી રતનસિંહ ચાવડા દ્વારા છેલ્લા ૨૭ વર્ષથી પાણી અને શરબતનું વિતરણ.
- જલારામ ધામ ખાતે મેયર પ્રવિણ પટેલ, પંચાયત સેવા પસંદગી મંડળના ડિરેકટર ગીરીશ શર્મા, મહેશ પુરોહિત, મધુબેન પ્રજાપતિ અને નગરના આગેવાનોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.
- સે. ૨૪ વિસત ગ્રુપ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ૩૨૦ લીટર મસાલા છાશ અને પાણીનું ભકતો માટે વિતરણ કરાયું હતું.
- શ્રીનગર એકતા કમિટી દ્વારા ૧૦૦ કિલો બુંદીનું વિતરણ કરાયુ હતું.
- સે. ૨૪ ઈન્દીરાનગર મિત્રમંડળ અને ગુલાબદાસ પટ્ટણી દ્વારા ૩૫૦ કિલો મહાપ્રસાદ ભક્તોને આપવામાં આવ્યો હતો. જ્યારે ભક્તો પણ મહાપ્રસાદ આરોગીને ધન્યતા અનુભવી હતી.
- સે- ૨૪ ઈન્દીરાનગરના શ્રમજીવી રામજીભાઈ દાનાભાઈએ સ્વ ખર્ચે મીનરલ પાણીના પાઉચનું વિતરણ કર્યું હતું.
- સે. ૨૪માં ભગવાન જગન્નાથના દર્શન કરવા ભારે માનવમેદની ઉમટી પડી હતી. જેના કારણે રથયાત્રા પસાર થવામાં ખૂબ વધુ સમય લાગ્યો હતો.
- સમગ્ર રથયાત્રામાં ડીજે અને નાસિક ઢોલ ઉપરાંત પરંપરાગત બેન્ડવાજા સાથે જોડાયેલા કેટલાક વાહનોએ ભારે રમઝટ જમાવી હતી.
- સે. ૨૩માં શોપીંગ સેન્ટર પાસે જિલ્લા કોંગ્રેસ અગ્રણીઓ સુર્યસિંહ ડાભી, નિશિત વ્યાસ, હિમાંશુ પટેલ સહિત અગ્રણીઓએ સ્વાગત કર્યું હતું.તેમજ વેપારી એસોસિએશન દ્વારા ૧૨૫ લીટર શરબતનું વિતરણ કરાયું હતું.
- સે-૨૩ માઈક્રો શોંપીગ સેન્ટર પાસે વેપારીઓ દ્વારા ૫૦૦ લીટર છાશનું વિતરણ કરાયું હતું.
- વોર્ડ નં-૪ ના કોર્પોરેટર નિલાબેન શુકલ સહિત ભાજપ અગ્રણીઓ તેમજ બ્રહ્મ સમાજના આગેવાન હાજર રહ્યા હતા.
- રથયાત્રામાં ૧૦૮ ઈમરજન્સી સેવા ખડેપગે તૈનાત રહી હતી.
- અમદાવાદ વાસણાના જય ગોગા અખાડાના અખાડીયનોના દિલધડક કરતબ જોઈ નગરજનો મંત્ર મુગ્ધ થયા હતા.
- ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનો ખુલ્લી તલવારો સાથે બાઈકો પર જોડાયા હતા અને શ્રદ્ધાળુઓને જોઈ જુસ્સામાં આવી તલવારથી કરતબ દેખાડતા હતા.
- આ વર્ષે ઘોડેસવારની સંખ્યા ૧૦ થી વધુ હતી અને આ ઘોડાઓ પર બાળકોને બેસાડી ફોટા પડાવવા ભાવિકોએ પડાપડી કરી હતી.
- રથયાત્રામાં પોલીસ જવાનો અને મહિલા પોલીસ કર્મચારીઓ રથયાત્રાના રુટમાં સતત ચાલતા નજરે પડ્યા હતા.
- રથયાત્રામાં વિવિધ વેશભુષા કરેલા યુવાનો ગરમીને કારણે મોં પરથી વેશભુષા હટાવી દીધી હતી.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

નરેન્દ્ર મોદી વડીલોને ચરણસ્પર્શ કરવાનું ચૂકતા નથી અને બીજીબાજુ, મોદી સરકાર કે રૂપાણી સરકારના આઈએઍસથી લઈને સામાન્ય કક્ષાના અધિકારી પ્રજાનાં આવેદનપત્રો સ્વીકારવા માટે ઊભા થવાની તમા પણ દાખવતા નથી. અમે અધિકારીઓના સેવાનિયમોનો અભ્યાસ કર્યો, તો સંસદસભ્યો અને ધારાસભ્યો રજૂઆત માટે આવે તો અધિકારીઓએ એમને ઊભા થઈને આવકારવા અને દરવાજા સુધી વળાવવા, એવું એમાં દર્શાવ્યું છે, પણ આવેદનપત્ર આપવા માટે આવતા ધારાસભ્યો-સાંસદો કે એમનાય વડીલો ભણી માનવીય સંસ્કાર દાખવવાનો સાફ ઈનકાર કરીને સ્વદેશી શાસનમાં પણ અધિકારીઓ અંગ્રેજી શાસનનો અનુભવ કરાવે છે. બીજીબાજુ, સત્તાધીશોના ચરણમાં લોટાંગણ થવા કે તેમનાં જૂતાંની દોરી બાંધવામાં પણ એમને શરમ આવતી નથી.

વર્ષ ૧૯૫૭ની કૅડરના આઈએઍસ અધિકારી અને તમિળનાડુની સરકારમાં અધિક મુખ્યસચિવ રહેલા ૮૩ વર્ષના ગુજરાતી અધિકારી દેવેન્દ્ર ઓઝા આઈએઍસ અધિકારીઓ રાજનેતાઓના ખુશામતખોર બનીને અંગત હિત સાધી રહ્યાની વાતે આક્રોશ વ્યક્ત કરે છે. એમણે પોતાની બૅચના ૮૦ સાથીઓ સાથે તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ સાથેની મુલાકાતનાં સંસ્મરણ તાજાં કરીને કહ્યું હતું કે તેઓ ખૂબ આદરથી, સરખા હોય એ રીતે એમને મળ્યા હતા. જોકે, સમયાંતરે સનદી અધિકારીઓનાં ધોરણ નીચે જતાં રહ્યાં હોવાથી આદર્શ સ્થિતિ જોવા મળતી નથી. હવે તો ભક્તિનો અર્થ સમજ્યા વિના તેઓ ભક્તિમાર્ગને અનુસરે છે !

- haridesai@gmail.com

### મુશળધાર વરસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વરસાદની આગાહી કરાઈ છે. રેલવે ટ્રેક ઉપર પાણી ફરી વળવાના કારણે મુંબઈની લાઈફલાઈન લોકલ ટ્રેન ઉપર અસર થઈ છે. મોટાભાગની લોકલ ટ્રેનો ૨૫થી ૩૦ મિનિટ મોડી દોડી રહી છે. વિરારમાં દરિયા કિનારે જોરદાર મોજા ઉછળ્યા હતા જેથી અરનાલા કિલ્લા પરના મકાનો તણાઈ ગયા હતા. ભારે વરસાદની આગાહીના પગલે માછીમારોને દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે. નાસિકમાં વરસાદના કારણે શહેરનો સંપર્ક તુટી ગયો છે. શાકભાજીનો જથ્થો પણ પહોંચી રહ્યો નથી જેના લીધે લોકોની હાલત કફોડી બની છે. મુંબઈમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે ઈદની ખરીદી ઉપર પ્રતિકુળ અસર થઈ છે.

### જળબંબાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તાલુકામાં સાત ઈંચ જેટલો વરસાદ થયો છે. નેત્રંગ તાલુકામાં કરજણ નદીમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી હજુ પણ કરવામાં આવી છે. ગિરીમથક સાપુતારા સહિત સમગ્ર ડાંગ જિલ્લામાં મોસમમાં પ્રથમવખત મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. નવસારી જિલ્લામાં પણ ભારે વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. વાસંદામાં છેલ્લા ૨૪ કલાકમાં સાડા ચાર ઈંચથી પણ વધુ વરસાદ નોંધાઈ ગયો છે. અરવલ્લીમાં પણ નોંધપાત્ર વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ હવામાન વિભાગે કહ્યુંછે કે, હજુ ભારે વરસાદ પડી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે હવામાનમાં પલટા વચ્ચે ઘણી જગ્યાએ વરસાદ જારી રહ્યો હતો. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને દિવના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

લોકો ઝારખંડ કે ઉત્તર પ્રદેશ કે નાઈઝેરીયન લોકો હોય છે જે આવા ડેટા હેક કરી ઉચાપતો આચરી ફોન કોલ બંધ કરતા હોય છે અને નવા નવા સીમકાર્ડનો ઉપયોગ કરતા હોય છે જે નંબર પણ પોતાના નામે હોતા નથી આઈટી પણ ચોરીનું જ હોય છે જેને પકડવા પોલીસના સાયબર સેલ માટે પણ માથાના દુ:ખાવા રૂપ હોય છે રોજ નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી લોકોને બનાવી નાણા પડાવ છે.

સાયર ક્રાઈમ એકટ ૨૦૦૦ ની સાથે એવીડન્સ એકટ બેન્કર્સ બુકસ એવીડન્સ એકટની સાથે જોડેલ છે.

મોટાભાગના પોલીસ મથકો દ્વારા જાણવા જોગ એન્ટ્રી મેળવી તે પોલીસના સાયબર ક્રાઈમ સેલ સુધી પહોચાડી સ્થાનીક પોલીસ સંતોષ લે છે સાયબર ક્રાઈમ આઈડી એટ્રેસ સુધી કે ફોન કોલ કરનારના સરનામા સુધી પહોંચે તે પહેલા તો આવા ગુન્હેગારો જગ્યા તથા સરનામું બદલી નવા ફોન કાર્ડથી તથા નવા સરનામે ગુન્હો આચરવાનું શરૂ કરી દેતા હોય છે.

તમારૂ ડેબીટ ક્રેડીટ કાર્ડ તમારા ખીસ્સામાં હોય તો પણ કાર્ડ હેન્ક કરી ડીટેઈલ મેળવી સાયબર ગુન્હેગારો નાણા ઉઠાવી જાય છે કોઈપણ વ્યક્તિએ પોતાના કાર્ડની કે પાસવર્ડની વિગતો અન્ય કોઈને આપવી જોઈએ નહી.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અર્બી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in